**<u>સ્પે.દિ.મુ.નં.૨૮/૨૦૧૯</u>**

## –:આંક–૧ લગત હુકમ:–

આજરોજ પોકારતા વાદી કે તેમના વકીલશ્રી હાજર નથી. વાદી તરફે કોઈ અરજી રજુ થયેલ નથી તેમજ સાંજના કલાક ૧૬:૦૦ વાગ્યા સુધી રાહ જોવા છતાં તેમજ વારંવાર પોકાર કરવા છતાં વાદી તરફે તે હાજર રહેલ નથી.

રેકર્ડ જોતા જણાય છે કે, આ કામે ઘણા લાંબા સમયથી વાદી તરફે કોઈ હાજર રહેતું નથી અને સદર કામ પ્રતિવાદી નં.૭,૮,૧૦,૧૫,૨૪ તથા ૨૫ ના વારસદારો લાવવા સારુ તથા પ્રતિવાદી નં.૨૬ નું સરનામું રજુ કરવા માટે મુલત્વી રહેલ છે, પરંતુ વાદી તરફે અવાર નવાર મુદત અરજીઓ રજુ કરવામાં આવેલ છે અને કેટલીકવાર વાદી તરફે કોઈ હાજર ન રહેતા ન્યાયના હીત માટે પણ વાદીને સમય આપવામાં આવેલ છે તેમ છતાં તેમણે દાવાની કાર્યવાહીમાં આગળ વધવા કોઈ રસ દાખવેલ નથી. આ ઉપરાંત છેલ્લે તા.૧૪/૬/૨૦૨૪ ના રોજ વાદી તરફે આંક–૨૭ થી મુદત અરજી રજુ કરવામાં આવેલ અને તે અરજી મંજુર કરવામાં આવેલી તેમ છતાં તે પછીની મુદત તા.૨૩/૮/૨૦૨૪ ના રોજ વાદી તરફે કોઈ હાજર રહેલ નથી અને ત્યારબાદ આજરોજ પણ વાદી તથા તેમના વકીલશ્રી ગેરહાજર રહેલા છે.

આમ, વાદીને પોતાનો દાવો આગળ ચલાવવામાં રસ નથી તેમ માની વાદીની ગેરહાજરીના કારણે હાલનો દાવો કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૮ મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ.કપડવંજ
તા.૧૮/૧૧/૨૦૨૪

**(હર્ષદકુમાર અંબાલાલ પંડયા)**
બીજા એડી.સીનીયર સીવીલ જજ.,કપડવંજ
જીજે.૦૧૨૦૩